પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૪ | ૫ મે, ૨૦૨૨, ગુરૂવાર; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# લોન મોંઘી થશે : ઈએમઆઈ વધશે

## રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો : વધતા ફૂગાવાને કાબૂમાં લેવા રિઝર્વ બેંકની કવાયત : રેપો રેટમાં વધારો તાત્કાલિક અસરથી લાગુ થશે, અને તે વધતા જ તમામ પ્રકારની લોન્સ પણ મોંઘી થશે : મધ્યસ્થ બેંકની મિટિંગમાં લેવાયેલો નિર્ણય

મુંબઈ, તા.૪

દેશમાં ફુગાવો સતત વધી રહ્યો છે ત્યારે રિઝર્વ બેંકે કેશ ફ્લોને કાબૂમાં લેવા માટે રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો કરી દીધો છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે આજે બપોરે બે વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા રેપો રેટમાં વધારાની જાહેરાત કરી હતી. આજે મધ્યસ્થ બેંકની એક મિટિંગ મળી હતી જેમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. રેપો રેટમાં વધારો તાત્કાલિક અસરથી લાગુ થશે, અને તે વધતા જ તમામ પ્રકારની લોન્સ પણ મોંઘી થશે.

રિઝર્વ બેંકે ૦.૪૦ ટકાનો વધારો કર્યા બાદ હવે રેપો રેટ વધીને ૪.૪૦ ટકા થયો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી તમામ બેંક્સ એફડી પર વ્યાજ વધારી રહી છે અને કેટલીક બેંકે તો લોનના વ્યાજ વધારી પણ દીધા છે. તાજેતરમાં જ એચડીએફસીએ પણ હોમ લોનનું વ્યાજ ૦.૦૫ ટકા વધાર્યું હતું.

રેપો રેટ એટલે એવો દર કે જે દરે રિઝર્વ બેંક અન્ય બેંકોને ધીરાણ કરે છે. અત્યારસુધી આ ધીરાણ ૪ ટકાના દરે મળતું હતું, જે હવે ૪.૪૦ ટકાના દરે મળશે. જેના કારણે બેંકો પણ પોતાનું માર્જિન જાળવી રાખવા માટે લોનના વ્યાજ દર વધારશે. તેના કારણે કદાચ તમારી હોમ લોનનો ઈએમઆઈના વધે, પરંતુ વ્યાજ દરના વધારા અનુસાર તેનો સમયગાળો લંબાઈ શકે છે. દેશમાં વ્યાજદર છેલ્લા કેટલાક સમયથી ઐતિહાસિક નીચા સ્તરે હતા. જેના કારણે હોમ લોન્સ પણ માંડ સાડા છથી સાત ટકા સુધીના વ્યાજ દરે મળી જતી હતી. જોકે, ફુડ ઓઈલમાં થઈ રહેલો ભાવવધારો, મોંઘા પેટ્રોલ અને ડીઝલ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

# શેરબજારમાં કડાકો

## સેન્સેક્સમાં ૧૩૦૬, નિફ્ટીમાં ૩૯૧ પોઈન્ટનું મોટું ગાબડું : રેપો રેટમાં ઘટાડો કરતા બજાર પર વિપરિત અસર

મુંબઈ, તા.૪

સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે બુધવારે શેરબજારમાં મામૂલી વધારા સાથે કારોબાર શરૂ થયો હતો, પરંતુ આરબીઆઈની અચાનક મળેલી બેઠકમાં રેપો રેટ વધારવાના નિર્ણય બાદ બજારમાં અચાનક ઉથલપાથલ મચી ગઈ હતી અને ૩૦ શેરોના ઈન્ડેક્સમાં ઘટાડો થયો હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જ સેન્સેક્સ ૧૩૦૬ પોઈન્ટ અથવા ૨.૨૯ ટકા ઘટીને ૫૫,૬૬૯ પર બંધ થયો.

સેન્સેક્સની સાથે સાથે આરબીઆઈના નિર્ણયની નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ઈન્ડેક્સ પર પણ ખરાબ અસર પડી હતી અને તે ૩૯૧ પોઈન્ટ અથવા ૨.૨૯ ટકા ઘટીને ૧૬,૬૭૮ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે લગભગ ૮૨૫ શેર વધ્યા હતા, ૨૪૫૪ શેર ઘટ્યા હતા અને ૯૮ શેર યથાવત રહ્યા હતા.

અપોલો હોસ્પિટલ્સ, અદાણી પોર્ટ્સ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વ નિફ્ટીમાં ટોપ લુઝર્સમાં હતા, જ્યારે ઓએનજીસી, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, પાવર ગ્રીડ કોર્પોરેશન, એનટીપીસી અને કોટક મહિન્દ્રા બેંક લાભાર્થીઓમાં હતા. ઓટો, બેંક, એફએમસીજી, પાવર, મેટલ, રિયલ્ટી, હેલ્થકેર, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૧ થી ૩ ટકાના ઘટાડા સાથે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૨.૬૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૧૧ ટકા ઘટ્યો હતો.

અગાઉ શેરબજાર પાછલા દિવસોની સુસ્તીમાંથી રિકવર થતા લીલા નિશાન પર ખુલ્યું હતું. બીએસઈ સેન્સેક્સ ઈન્ડેક્સ ૬૪ પોઈન્ટ

અથવા ૦.૧૧ ટકા વધીને ૫૭૦૩૯.૬૮ પર ખુલ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ ૨૪ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૧૭,૦૯૩ના સ્તરે ખુલ્યો હતો. સોમવારે સેન્સેક્સ ૮૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૫૬,૯૭૬ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ ૩૩ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા ઘટીને ૧૭,૦૬૯ પર બંધ થયો હતો.

# પૂર્વોત્તર ભારતમાં વરસાદની શક્યતા

## દેશમાં હવામાનનો મિજાજ બદલાવવાની આગાહી : આગામી ૨ દિવસમાં પંજાબ, હરિયાણા, યુપી અને રાજસ્થાનમાં હળવો વરસાદ પડી શકે : ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે

નવી દિલ્હી, તા.૪

દેશના વિભિન્ન રાજ્યોમાં સતત પડી રહેલી ગર્મીથી આગામી કેટલાક દિવસોમાં રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૫ દિવસો દરમિયાન પૂર્વોત્તર ભારત અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં હળવા અને તેજ વરસાદની શક્યતા છે. આગામી ૨ દિવસ દરમિયાન આ વિસ્તારમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની આગાહી છે. આ વિસ્તારમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ૦૪ મે ના રોજ આસામ મેઘાલય અને નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં અલગ અલગ સ્થળો પર ભારે વરસાદ પડવાની શક્યતા છે. આગામી ૩-૪ દિવસ દરમિયાન બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ૪-૫ મે દરમિયાન પશ્ચિમી હિમાલય વિસ્તારમાં ગાજવીજ સાથે વ્યાપક વરસાદ પડવાની શક્યતા છે. આ વિસ્તારમાં ૪ મે દરમિયાન કરા પણ પડી શકે છે. જમ્મુ કાશ્મીરમાં આજે પણ ભારે વરસાદની શક્યતા છે. આગામી ૨ દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં હળવો વરસાદ પડી શકે છે. આગામી ૫ દિવસ દરમિયાન કેરળ, કર્ણાટક, તમિનલાડુ, આંધ્રપ્રદેશ અને તલંગાણામાં તેજ પવન સાથે આછા વરસાદની શક્યતા છે. ૪ મેના રોજ કેરળમાં ભારે વરસાદની શક્યતા છે. ૫ મે ના રોજ તમિલનાડુ અને પોંડીચેરી અને ૩ મે ના રોજ આંધ્ર પ્રદેશમાં વરસાદ પડવાની શક્યતા છે. ૪ અને ૫ મે ના રોજ નિકોબાર દ્વિપ સમૂહમાં

● અનુસંધાન પાન-૭ પર

# LICનો આઈપીઓ પ્રથમ ૩ કલાકમાં જ ૩૫ ટકા ભરાયો

## શેરબજારના સૌથી મોટા આઈપીઓ પર પૈસાનો વરસાદ : એલઆઈસીના આઈપીઓનો વિરોધ કર્મચારી વર્ગ જોરશોરથી કરી રહ્યો છે પરંતુ કર્મચારી ક્વોટા ૫૮% ભરાયો

નવી દિલ્હી, તા.૪

ભારતના સૌથી મોટા આઈપીઓનું ભરણું આજે ખુલી

ગયું છે. રૂ. ૨૧૦૦૦ કરોડ એકત્ર કરવા માટે ભારતીય જીવન વિમા નિગમનો આઈપીઓ ખુલી ગયો છે. જોકે નાના રોકાણકારો તરફથી આઈપીઓને પ્રથમ દિવસે જ બમ્પર રીસ્પોન્સ મળી રહ્યો છે. શરૂઆતી કલાકોમાં જ અમુક કેટેગરીઓ તરફથી જોરદાર પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

લાઈવ ડેટા અનુસાર ૧ વાગ્યા એટલેકે શરૂઆતી ૩ કલાકમાં જ એલઆઈસીનો ૨૧,૦૦૦ કરોડનો આઈપીઓ ૩૫% ભરાઈ ચૂક્યો છે. આ સમયગાળામાં ક્યુઆઈબી કેટેગરી તરફથી ૧%ની પણ બિડ નથી આવી પરંતુ એનઆઈબી કેટેગરીમાં ૮% સબસ્ક્રિપ્શન મળ્યું છે જ્યારે રિટેલ કેટેગરીમાં ૩૭% સબસ્ક્રિપ્શન મળી ગયું છે. મહત્વની વાત એ છે કે એલઆઈસીના આઈપીઓનો વિરોધ કર્મચારી વર્ગ જોરશોરથી કરી રહ્યો છે પરંતુ કર્મચારી ક્વોટા ૫૮% ભરાઈ ગયો છે. ચોંકાવનારી વાત એ છે કે એલઆઈસીના આઈપીઓ માટે એલઆઈસીના પોલિસીધારકોમાં ગાંડાતૂર ક્રેઝ જોવા મળી રહ્યો છે. પોલિસીધારકોનો ક્વોટા ૧૧૭% સબસ્ક્રાઈબ થઈ ગયો છે.

# નવનીત-રવી રાણાના શરતી જામીન મંજુર

## રૂ. ૫૦,૦૦૦ ના બોન્ડ આપવા પડ્યા, કેસ અંગેની વાત મીડિયા સામે નવનીત રાણા-રવિ રાણા નહીં કરી શકે

નવી મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન માતોશ્રીની બહાર હનુમાન ચાલીસા વાંચવાને લઈને થયેલા વિવાદમાં મુંબઈ પોલીસે નવનીત રાણા અને તેમના પતિ રવિ રાણાની ૨૩ એપ્રિલે ધરપકડ કરી હતી. બંને છેલ્લા ૧૧ દિવસથી જેલમાં હતા અને તેમની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. નવનીત અને રવિના વકીલ રિજવાન મર્ચેંટે જણાવ્યુ કે, આજે સાંજ સુધીમાં બંનેને જમાનત મળી જશે. નવનીત રાણા અને તેમના પતિ રવિ રાણાને મુંબઈ સેશન્સ કોર્ટે રૂ. ૫૦,૦૦૦ ના બોન્ડ સાથે જામીન આપ્યા છે. રાણા દંપતિ આ કેસથી જોડાયેલી કોઈ વાત મીડિયાની સામે આવીને કહી નહી શકે. પુરાવાની સાથે કોઈ પણ પ્રકારની છેડછાડ કરવામાં નહી આવે. જે કેસમાં તેમની ધરપકડ થઈ છે તેવુ કોઈ જ કામ તે ફરીથી નહી કરી શકે.

# મોદીએ બીજા ભારત-નોર્ડિક શિખર સંમેલનમાં ભાગ લીધો

## ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે, સ્વીડને ભાગ લીધો : પ્રથમવાર સ્ટોકહોમમાં વર્ષ -૧૮માં ભારત અને નોર્ડિક દેશ એક મંચ પર સાથે આવ્યા હતા : વિદેશ મંત્રાલય

કોપેનહેગન, તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાર્ડિક દેશોની સરકારના પ્રમુખોએ ડેનમાર્કની રાજધાની કોપેનહેગનમાં ક્રિશ્ચિયનબોર્ગ પેલેસમાં ભારત-નાર્ડિક શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના નેતાઓએ ભાગ લીધો હતો. આ બીજીવાર છે જ્યારે ભારત-નાર્ડિક શિખર સંમેલનનો ભાગ બન્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયના ટ્વીટ પ્રમાણે ઉભરતી ટેક્નોલોજી, રોકાણ, આર્કટિક, સ્વચ્છ ઉર્જા જેવા ક્ષેત્રોમાં નોર્ડિક દેશોની સાથે અમારા સહયોગને વધારવો આ શિખર સંમેલનનું લક્ષ્ય છે. આ ભવિષ્ય માટે ભાગીદારી છે.

ભારત-નાર્ડિક બીજા સંમેલનની શરૂઆત પહેલા ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના નેતા એક સાથે જોવા મળ્યા હતા. આ નેતાઓ સાથે પીએમ મોદીની તસવીરને વિદેશ

મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટ કરી છે. તેમણે લખ્યું કે, સ્ટોકહોમમાં વર્ષ ૨૦૧૮માં ભારત અને નોર્ડિક દેશ એક મંચ પર પ્રથમવાર આ પ્રકારના શિખર સંમેલન દ્વારા આવ્યા હતા. પીએમ મોદી ત્રણ દિવસના વિદેશ પ્રવાસે છે. પહેલાં તેઓ જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા હતા.

ત્યારબાદ ડેનમાર્ક પહોંચ્યા હતા. આ શિખર સંમેલન બાદ પીએમ મોદી ફ્રાન્સ જશે. ત્યાં રાષ્ટ્રપતિ મૈક્રો સાથે મુલાકાત કરશે. આજે પીએમ મોદીની વિદેશ યાત્રાનો છેલ્લો દિવસ છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કર્યા બાદ પીએમ મોદી ભારત પરત ફરશે.

# આજથી પંજાબમાં બજારોમાં ઘઉંની ખરીદી બંધ કરાશે

## પંજાબના બજારોમાં ઘઉંની આવકમાં ઘટાડો થયો : રશિયા-યુક્રેન યુદ્ધના કારણે આંતરાષ્ટ્રીય બજારમાં ઘઉંની માગ વધી, અંગત વેપારી ઘઉંની વધારે ખરીદી કરી રહ્યા છે

ચંદીગઢ, તા.૪

પંજાબના બજારોમાં ઘઉંની આવકમાં ભારે ઘટાડો આવતા ખાદ્ય, નાગરિક પુરવઠો અને ઉપભોક્તા વિભાગે રાજ્યના બજારોમાં પાકની ખરીદી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ખાદ્ય, નાગરિક પુરવઠો અને ઉપભોક્તાના મંત્રી લાલ ચંદ કટારુચકે મંગળવારે કહ્યુ કે રાજ્યના બજારોમાં તબક્કાવાર રીતે ૫ મે થી ઘઉંની ખરીદી બંધ કરાશે. આ બાબતે સૂચના પંજાબ બજાર બોર્ડ દ્વારા આપવામાં આવશે. તેમણે ખરીદની ગતિ અને એમએસપીના સીધા ખેડૂતોના બેંક ખાતામાં ઝડપથી વિતરણ પર સંતોષ વ્યક્ત કર્યો. તેમણે કહ્યુ, આ ખરાબ મોસમથી ઉત્પન્ન પડકારો છતાં જેના પરિણામસ્વરૂપ રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ઘઉં સંકોચાઈ ગયા હતા. તેમણે કહ્યુ કે વૈશ્વિક સ્તરે ઘઉંની કિંમતમાં વધારો થયા બાદ, મોટાભાગના રાજ્યોમાં ઘઉંની સરકારી ખરીદીમાં ભારે ઘટાડો જોવા મળ્યો, પરંતુ કેન્દ્રીય પુલમાં ઘઉંના સૌથી મોટા પ્રમાણમાં યોગદાન આપવામાં પંજાબે એકવાર ફરી દેશનુ નેતૃત્વ કર્યુ. તેમણે કહ્યુ કે રાજ્યએ અત્યાર સુધી ૯૩ લાખ ટન કરતા વધારે ઘઉંની ખરીદી કરી છે.

રશિયા-યુક્રેન યુદ્ધના કારણે આંતરાષ્ટ્રીય બજારમાં ઘઉંની માગમાં વૃદ્ધિ થઈ છે અને અંગત વેપારી ઘઉંની વધારે ખરીદી કરી રહ્યા છે. સંકોચાયેલા દાણા માટે માનદંડોમાં ઢીલ આપવામાં મોડાઈ વિશે તેમણે કહ્યુ કે કેન્દ્રીય ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગે સમસ્યાની સીમાની જાણકારી માટે અધિકારીઓની એક અન્ય ટીમ મોકલવાનો નિર્ણય કર્યો હતો.

# દેશમાં કોરોનાના ૩,૨૦૫ નવા કેસ

નવી દિલ્હી, તા.૪

વિશ્વભરમાં કોરોના મહામારી સામેની લડાઈ હજુ પણ ચાલી રહી છે. દરમિયાન, ભારતમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી કોરોના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ ચેપના ૩,૨૦૫ નવા કેસ નોંધાયા છે. હવે સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૪ કરોડ ૩૦ લાખ ૮૮ હજાર ૧૧૮ થઈ ગઈ છે. ૨૪ કલાકમાં કોવિડ સંબંધિત ૩૧ નવા મોત પણ નોંધાયા છે. જે બાદ દેશભરમાં કોરોનાના કારણે કુલ મૃત્યુઆંક ૫ લાખ ૨૩ હજાર ૯૨૦ થઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૧૯,૫૦૯ પર પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ૨,૮૦૨ થી વધુ દર્દીઓ કોરોના વાયરસથી સાજા પણ થયા છે.

# યુદ્ધની દિશાથી રશિયાના ટોચના અધિકારીઓ પણ ભારે નારાજ

## અમેરિકાના પૂર્વ જનરલ જેક કેનનો ખુલાસો : સત્તામાં રહેવા પુતિન કશું પણ કરી શકે છે, પુતિનને ખબર છે કે, જો સત્તા બીજા પાસે ગઈ તો હું જીવતો નહીં રહું

મોસ્કો, તા.૪

૭૦ દિવસ પછી પણ રશિયા અને યુક્રેન યુધ્ધનો અંત આવતો હોય તેમ લાગી રહ્યુ નથી. દરમિયાન અમેરિકાના પૂર્વ જનરલ જેક કેનનુ કહેવુ છે કે, યુધ્ધ જે દિશામાં જઈ રહ્યુ છે તેનાથી રશિયન સેનાના જ ટોચના અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ નારાજ છે.

તેમનુ કહેવુ છે કે, આ સંજોગોમાં રશિયામાં સત્તા પલટો પણ થઈ શકે છે અને જો એવુ થયુ તો પુતિનની હત્યા પણ થઈ શકે છે.

સાથે સાથે જનરલ કેને કહ્યુ હતુ કે, સત્તામાં રહેવા પુતિન કશું પણ કરી શકે છે. પુતિનને ખબર છે કે, જો સત્તાની કમાન બીજા કોઈ પાસે ગઈ તો હું જીવતો નહીં રહું. પુતિનનુ લક્ષ્ય કોઈ પણ ભોગે સત્તા પર રહેવાનુ છે. તેઓ સત્તા પર ટકી રહેવા માટે લડી રહ્યા છે અને તેઓ યુક્રેનને કોઈ પણ સંજોગોમાં ઝુકાવવાના લક્ષ્ય પર પોતાનુ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે.

જનરલે કહ્યુ હતુ કે, હું પુતિનની કામગીરીને બહુ ગંભીરતાથી લઈ રહ્યો છું. પુતિન અગાઉનુ રશિયન સામ્રાજ્ય ફરી સ્થાપવા માંગે છે અને સાથે સાથે એ પણ સત્ય છે કે, જો તેઓ રાષ્ટ્રપતિ નહીં રહે તો તેમનુ કોઈ ભવિષ્ય નહીં હોય.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.